| દાખલ તારીખ | ૨૯/૦૫/૨૦૨૬ | | |
|---|---|---|---|
| રજીસ્ટર તારીખ | ૨૯/૦૫/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૦૮/૦૬/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૧ |

**<u>રાજકોટના મહે. બીજા એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,</u>**
**<u>મુકામઃ રાજકોટ.</u>**

**<u>ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૧૭૩૯/૨૦૨૬</u>.**

**આંકઃ ૦૮**

**<u>અરજદાર.</u>**

**દેવરાજ ઉર્ફે લાલો સ./ઓ. મુકેશભાઇ ભગવાનજીભાઇ પરમાર,**
ઉ.વ. પુખ્ત, વ્યવસાયઃ મજુરીકામ,
રહે. ઘંટેશ્વર, ૨૫ વારીયા, ચીથરીયા પીરની દરગાહ પાસે,
જામનગર રોડ, રાજકોટ.
હાલઃ કે.કે.વી. પુલ નીચે, રાજકોટ.
(**હાલઃ સેન્ટ્રલ જેલ-રાજકોટ**)

**-// વિરૂધ્ધ //-**

**<u>સામાવાળા.</u>**

**શ્રી સરકાર,**

**બાબત: <u>બીએનએસએસ કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી..</u>**

**વકિલશ્રીઓ::**

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | :- | વિદ્વાન વકીલ શ્રી સી. ડી. સાંકળીયા, |
| સામાવાળા તરફે | :- | વિદ્વાન એ.પી.પી. શ્રી પી.એન. શાહ. |

**<u>- ચુ કા દો -</u>**

**૧.** આ કામના અરજદાર/આરોપીની રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ

સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૩૫૨૫૦૮૯૬/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ–૧૦૯, ૧૦૯(૧), ૧૧૫(૨), ૫૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના કામે ધરપકડ કરેલ હોય અને અરજદાર/આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં કેદમાં હોય અરજદારે હાલની ચાર્જશીટ બાદની અરજી બીએનએસએસની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે દાખલ કરેલ છે.

૨. આ જામીન અરજીની નોટીસ સામાવાળાને બજતા સરકારશ્રી વતી એ.પી.પી.શ્રી પી. એન. શાહ હાજર થયેલ છે અને તપાસ કરનાર અધિકારીનો અભિપ્રાય આંક – ૦૬ થી રજુ રાખવામાં આવેલ છે.

અરજદાર/આરોપી તરફે આંક–૩, ૭ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ રાખેલ છે.

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી સી. ડી. સાંકળીયાની તેમજ સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી પી. એન. શાહની મૌખિક દલીલો રૂબરૂ સાંભળી.

3. અરજદાર તરફે મૌખિક દલીલોમાં મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. અરજદાર/આરોપીએ કોઈ ગુનો કરેલો નથી તેમ છતાં અરજદાર/આરોપીને આ ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. ફરિયાદની હકીકતો વંચાણે લેતા અરજદાર વિરુદ્ધ આક્ષેપિત ગુન્હાના કોઈ તત્વોની હકીકતો પ્રથમ દર્શનીય રીતે ફલીત થતી નથી. કહેવાતો બનાવ તારીખઃ ૨૨/૧૨/૨૦૨૫ ના રોજ બનેલ છે અને ફરિયાદ તારીખઃ ૨૩/૧૨/૨૦૨૫ ના રોજ આપવામાં આવેલ છે એટલે કે ફરિયાદ મોડી નોંધાવવામાં આવેલ છે અને ફરિયાદમાં અરજદારનુ નામ

નથી પરંતુ ફરિયાદ કોઇ અજાણ્યા ઇસમ વિરુદ્ધ નોંધાવવામાં આવેલ છે. તપાસના પેપર્સ વંચાણે લેતા અરજદારે લાકડાના ધોકા વડે ઇજા પામનારને માર મારી ઇજા પહોંચાડેલ હોવાનુ તેમાં દર્શાવવામાં આવેલ છે. વધુમાં ઇજા પામનારને હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ કરી દેવામાં આવેલ છે. વધુમાં આ કામે ચાર્જશીટ રજુ થઇ ગયેલ છે અને આ કામે સહ આરોપીને ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૩૨/૨૦૨૬ થી રેગ્યુલર જામીન પર મુક્ત કરવામાં આવેલ હોય, અરજદાર પેરીટીના સિદ્ધાંત અન્વયે પણ જામીન પર મુકત થવા હક્કદાર બનતા હોય. વધુમાં અરજદારને તારીખઃ ૨૩/૧૨/૨૦૨૫ ના રોજ અટક કરેલ છે અને ત્યારથી કસ્ટડીમાં છે. અરજદાર/આરોપી રાજકોટમાં રહે છે, કયાંય નાસી–ભાગી જાય તેમ નથી અને અરજદાર નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની ખાતરી આપે છે. આ ઉપરોકત તમામ હકીકતો અને જામીનના સંદર્ભમાં નામ. સુપ્રિમ કોર્ટ તથા નામ. હાઈકોર્ટે સ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ અરજદારને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાની રજુઆત કરેલ છે.

૪. સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી દ્વારા અરજદારની જામીન અરજીનો વિરોધ કરતા એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂદ્ધ બી.એન.એસ.ની કલમ–૧૦૯, ૧૦૯(૧), ૧૧૫(૨), ૫૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો નોંધાયેલો છે. ફરિયાદની હકીકત મુજબ ઇજા પામનાર છેલ્લા વીસેક દીવસ કે.કે.વી. ચોક ખાતે રહેતા હોય અને આરોપી નંબરઃ ૧ પણ ત્યાં જ રહેતા હોય અને ફુગ્ગા વેચવાનો ધંધો કરતા હોય જેની સાથે ઇજા પામનારને બનાવ પહેલા પંદરેક દીવસથી ઓળખાણ થયેલ હતી જેથી બાનવના બે

દીવસ પહેલા ઈજા પામનારે આરોપી નંબરઃ ૧ પાસેથી ૧૦૦ રૂપિયા ઉછીના લીધેલ હતા જે તેણે બનાવના દીવસે પરત માંગતા ઈજા પામનારે બે દીવસમાં આપી દઈશ તેમ જણાવતા તે જતો રહેલ બાદ રાત્રીના આશરે સાડા નવેક વાગ્યે આરોપી નંબરઃ ૧ તથા તેની સાથે અરજદાર/આરોપી બંને કે.કે.વી. ચોક ખાતે ઈજા પામનાર પાસે આવેલ અને ૧૦૦ રૂપિયા પરત માંગતા ઈજા પામનારે પોતાની પાસે પૈસા ન હોવાનુ જણાવતા બંને આરોપીઓએ ઈજા પામનાર સાથે ઝઘડો કરી અરજદારે પોતાની પાસે રહેલ છરી વતી ઈજા પામનારને પેટના ભાગે ડાબી બાજુએ પડખામાં બે ઘા મારી જીવલેણ ઈજા પહોંચાડી તથા આરોપી નંબરઃ ૧ નાઓએ લાકડાના ધોકા વતી ઈજા પામનારને માર મારી ઈજા પહોંચાડી તેમ કરી બન્ને આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ગંભીર પ્રકારનો ગુન્હો આચરેલ છે. વધુમાં અરજદાર/આરોપીએ ઈજા પામનારને છરી વડે પેટમાં ડાબી બાજુ પડખામાં બે ઘા મારી ગંભીર અને જીવલેણ ઈજા પહોંચાડેલ છે અને તે રીતે અરજદારે ગુન્હાના કામે મુખ્ય આરોપી તરીકેની ભુમિકા ભજવેલ છે તેમજ ગુન્હામાં ઉપયોગમાં લેવાયેલ છરી બનાવવાળી જગ્યાએથી પંચો રુબરુ કબ્જે થયેલ છે અને સમગ્ર બનાવના સીસીટીવી ફુટેજ પણ ઉપલબ્ધ છે. વધુમાં આ કામે અરજદારે અને અન્ય આરોપીને ઈજા પામનાર દ્વારા ઓળખ પરેડના પંચનામાં દરમ્યાન ઓળખી બતાવેલ છે. વધુમાં અરજદાર વિરુદ્ધ અગાઉ પણ જુદા જુદા પોલીસ સ્ટેશનમાં કુલ છ ગુન્હાઓ નોંધાયેલ છે. આ કામના સહ આરોપીને અગાઉ જામીન પર મુક્ત કરવામાં આવેલ છે તેમના રોલથી અરજદારનો રોલ વધુ ગંભીર પ્રકારનો હોય જેથી પેરીટીના સિદ્ધાંત અન્વયે અરજદારને જામીન પર મુક્ત કરી શકાય તેમ નથી. અરજદાર/આરોપી ગંભીર ગુન્હામાં પ્રથમથી જ સંડોવાયેલ છે અને અરજદાર વિરુદ્ધ પ્રથમદર્શનીય

પુરાવો હોવાથી જ ચાર્જશીટ રજુ રાખવામાં આવેલ છે. વધુમાં અરજદારનુ કોઈ ચોક્કસ સરનામુ નથી અને અરજદારને છેલ્લા ચારેક વર્ષથી ઘરેથી કાઢી મુકેલ હોવાનુ અરજદારે પોતે જણાવેલ છે અને અગાઉ સને ૨૦૨૪ માં અરજદાર સુરત રહેતા હોય, જો જામીન પર મુક્ત કરવામાં આવશે તો નાસી–ભાગી જાય અને તેથી ટ્રાયલ વિલંબીત થાય તેમ હોય જે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદારની જામીન અરજી રદ કરવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

વધુમાં વિ.એપીપીશ્રી દ્વારા તેમની ઉપરોક્ત રજુઆતના સમર્થનમાં નીચે જણાવ્યા મુજબના ચુકાદાઓ રજુ રાખવામાં આવેલ છે.

૧) **ક્રિમિનલ અપીલ નંબરઃ ૮૬૧/૨૦૧૨, (એસએલપી નં. ૯૬૬૫/૨૦૨૧), (એસ.સી.) દિપક યાદવ વિ. સ્ટેટ ઓફ યુ.પી.**

૨) **ક્રિમિનલ અપીલ નંબરઃ /૨૦૨૩, (એસએલપી નં. ૯૪૩૧/૨૦૨૩), (એસ.સી.) તરૂણ કુમાર વિ. આસી. ડાયરેકટર ડાયરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ.**

**૫.** સદર કામે તપાસ કરનાર અમલદારશ્રી દ્વારા અરજી અન્વયેના રીપોર્ટથી જે હકીકતો જાહેર કરેલ છે તે ધ્યાને લીધી. અત્રેની અદાલત "જામીન એ નિયમ અને જેલ એ અપવાદ" ના સિધ્ધાંતથી વાકેફ છે. વળી, આજીવન કેદ કે દેહાંત દંડ રૂપી શિક્ષા પણ થઈ શકે તેવા ગુનામાં સંડોવાયેલ આરોપી પણ પોતાનો જામીન ઉપર છૂટવા માટેનો પ્રથમદર્શનીય કેસ હોવાનું દર્શાવે તો અદાલતે તેને જામીન ઉપર મુકત કરવાનો રહે છે એટલે કે, માત્રને માત્ર સજાનું પ્રમાણ તે જામીન અરજી મંજૂર કે નામંજૂર કરવાનું નિર્ણાયક પરિબળ નથી. જામીન અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે જે બાબત ધ્યાને લેવાની રહે છે તે

એ છે કે, આરોપીનો જામીન ઉપર છૂટવા માટેનો પ્રથમદર્શનીય કેસ, ગુનાની ગંભીરતા, આરોપીની ગુનામાં ભાગીદારી, બનાવ જેવા ગુનાનું ફરી વખત પુનરાવર્તન થવાની શક્યતા, જામીનની દયાનો દુરૂપયોગ થવાની શક્યતા, આરોપીની વ્યક્તિગત સ્વતંત્રતાના હકકો, તથા સમાજનું હિત, ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી વગેરે જેવા પરિબળો અદાલતે ધ્યાનમાં રાખવાના હોય છે, જેમાંથી એકાદ પરિબળ પણ આરોપીને જામીન ઉપર છૂટવા સમર્થનકર્તા ન હોય તો આરોપી જામીન ઉપર છૂટવાના હકકો ગુમાવી બેસે છે.

૬. જામીન અરજીમાં જણાવેલી હકીકતો તેમજ આંક–૩ ના લીસ્ટ સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા તથા સામાવાળા સરકારશ્રી તરફે રજુ થયેલ આંક–૦૬ નો તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય વંચાણે લીધો. પક્ષકારોના વિ.વકિલશ્રીઓની દલીલો સાંભળી. સામાવાળા તરફે રજુ રાખવામાં આવેલ ચુકાદાઓની હકીકતો વંચાણે લીધી. સદર જામીન અરજી પરત્વે નીચેના કારણો અત્રેની કોર્ટ દ્વારા ધ્યાને લેવામાં આવેલ છે.

૬/૧. ફરિયાદ વચાણે લેતા હાલના અરજદાર વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ–૧૦૯, ૧૦૯(૧), ૧૧૫(૨), ૫૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫(૧) મુજબનો ગુન્હો આચરેલાનો આક્ષેપ છે અને ગુન્હાની તપાસ પુર્ણ થઇ ગયેલ છે અને ચાર્જશીટ રજુ થઇ જવા પામેલ છે.

૬/૨. ઈજા પામનારને હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ આપી દેવામાં

આવેલ છે.

૬/૩. તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ વંચાણે લેતા અરજદાર વિરુદ્ધ અગાઉ કોઇ ગુન્હો નોંધાયેલાનુ જણાવાયેલ નથી. આમ, અરજદારનો કોઇ ગુન્હાહિત ઇતિહાસ નથી અને અરજદારની હાલની આ પ્રથમ જામીન અરજી છે.

૬/૪. આ કામે સહ આરોપી જામીન મુકત છે અને અરજદાર/આરોપી તારીખઃ ૨૩/૧૨/૨૦૨૫ થી જ્યુડીશ્યલ કસ્ટડીમાં છે અને કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશન પુર્ણ થઇ ગયેલ છે.

૬/૫. અરજદાર/આરોપીની ઉંમર ૩૦ વર્ષની છે અને અરજદારે ટ્રાયલ દરમ્યાન હાજર રહેવાની બાંહેધરી આપેલ હોય, ચોક્કસ શરતોને આધીન અરજદારને જામીન મુકત કરવામાં આવે તો, ટ્રાયલ દરમ્યાન હાજરી ઉપલબ્ધ બની રહેશે તેમ હુ માનુ છુ.

૬/૬. સામાવાળા દ્વારા તેઓની રજુઆતના સમર્થનમાં ઉપરોકત જણાવ્યા મુજબના રજુ રાખવામાં આવેલ ચુકાદાઓ સીધે સીધા લાગુ પડતા જણાય આવતી નથી અને તેમાં જણાવ્યા મુજબનો રેશીયો ધ્યાને લેવામાં આવેલ છે.

આમ, ઉપરોકત હકીકતો સાથે **નામ. સુપ્રીમ કોર્ટ**

**દ્વારા "સંજય ચંદ્રા વિરૂદ્ધ સી.બી.આઈ., ૨૦૧૧(૦) એ.આઈ.જે.ઈ.એલ. – એસ. સી. – ૫૦૭૦૯"** ના ચુકાદામાં પ્રતિપાદિત થયેલા સિદ્ધાંતો ધ્યાને લેતા તેમજ આરોપી વિરૂદ્ધના ગુનામાં સજાની જોગવાઈ ધ્યાને લેતા અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા ન્યાયિક ડિસ્ક્રીશન વાપરવું યોગ્ય જણાઈ આવતુ હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**:: આ ખ રી હુ ક મ ::**

૧. અરજદાર/આરોપીની હાલની આ રેગ્યુલર જામીન અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

૨. અરજદાર/આરોપી **દેવરાજ ઉર્ફે લાલો સ./ઓ. મુકેશભાઇ ભગવાનજીભાઈ પરમાર,** રહે. ઘંટેશ્વર, ૨૫ વારીયા, ચીથરીયા પીરની દરગાહ પાસે, જામનગર રોડ, રાજકોટ. હાલઃ કે.કે.વી. પુલ નીચે, રાજકોટ વાળાએ રૂા.૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો સંબંધિત કોર્ટમાં આપ્યેથી તેઓને રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૩૫૨૫૦૮૯૬/૨૦૨૫ મુજબના ગુનામાં બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયે નીચેની શરતોને આધીન જામીન મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

// <u>શ ર તો</u> //

**૧) ટ્રાયલ દરમ્યાન અરજદાર/આરોપી કઈ જગ્યાએ રહેવાના છે તે**

**જગ્યાનુ સરનામુ લેખિત પુરસીસથી દસ્તાવેજી આધાર પુરાવા સાથે તપાસ કરનાર અમલદાર તથા સંબંધિત કોર્ટ સમક્ષ રજુ કરવુ અને તેમાં કોર્ટની પરવાનગી વગર કોઈપણ પ્રકારનો ફેરફાર કરવો નહીં.**

**૨)** અરજદાર/આરોપીએ કોઈપણ પ્રકારનું ગુનાહિત કૃત્ય કરવું નહીં

**૩)** અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહીં કે સાક્ષી પુરાવા તોડવા ફોડવા પ્રયત્ન કરવો નહીં.

**૪)** અરજદાર/આરોપીએ સંબંધિત કોર્ટની પરવાનગી મેળવ્યા વગર ભારત દેશની હદ છોડવી નહીં.

**૫)** અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન નિયમિત રીતે હાજર રહેવું.

- જામીન સંબંધિત કોર્ટ સમક્ષ આપવા.
- હુકમ અંગેની જરુરી યાદી કરવી.

હુકમ, આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ રાજકોટ.
તારીખઃ ૦૮/૦૬/૨૦૨૬.

**(તેજસ એસ. બ્રહ્મભટ્ટ)**
બીજા એડીશનલ સેશન્સ જજ,
રાજકોટ.
(**UID:GJ00609**)

*//phb//*